ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧/કવા–૦૪/૧૮–૧૯/ 2683-2 તા 10-4-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કિશોરભાઈ કરસનભાઈ હિરપરા,
-- પિતૃકૃપા--
ગુલાબ નગર સોસાયટી, શેરી નંબર ૩,
માસ્તર સોસાયટી મેઇન રોડ,
કોઠારીયા મેઇન રોડ, રાજકોટ
પીન્કોડ-૩૬૦૦૦૨
મો: ૯૩૭૬૪ ૮૦૭૧૬

વિષય :–મીટર બિલિંગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧/કવા–૦૪/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)
નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com, E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/કવા–૦૪/૧૮–૧૯/ 2683-2**      તા. 10-4-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર: કિશોરભાઈ કરસનભાઈ હિરપરા ગામઃ રાજકોટ

રજૂઆત કરનાર: અરજદાર કિશોરભાઈ કરસનભાઈ હિરપરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

રજૂઆત કરનાર: શ્રી એચ.બી.પરમાર કાર્યપાલક ઈજનેર

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: ૩૦/૦૩/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૩૦/૦૩/૨૦૧૯ ના રોજ ફોરમ કમિટી સમક્ષ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર કિશોરભાઈ કરસનભાઈ હિરપરા, ગામઃ **રાજકોટ** તેઓની અરજી ના નોંધણી નંબર :૧/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે –તેઓના ઓદ્યોગીક વીજજોડાણ નં.:૩૦૭૫૬/૦૫૫૧૧/૩ મા તા.૨૯–૦૬–૧૮ ના રોજ થયેલ ચેકીગ અન્વયે વીજભાર વધારા નુ વીજબીલ અપાયેલ હતું, જે ભરપાઈ કરાયેલ છે. ત્યારબાદ, સદર ચેકીગ રીપોર્ટ મા લખેલ રીડીગ મુજબ બીલ અપાયેલ – પરંતુ, સદર મીટર લેબોરેટરીમાં ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોવા છતા – કોઈપણ જાતની જાણ કર્યા વગર બીલ મા રકમ ચડત આવતા – ઓફિસ મા સંપર્ક કરતા જણાયેલ કે – સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ કંપની મા મોકલાવેલ છે. જે રીપોર્ટ હજુ આવેલ ન હોય – તેમ છતા લેબોરેટરીમા જણાયેલ રીડીગ મુજબ બીલ અપાયેલ છે. તેમજ – મીટર કંપની નો રીપોર્ટ આવ્યે – વધારાનુ બીલ પણ આપવામા આવશે.

૨.૧ અરજદાર તેઓની સદર જગ્યા ભાડા પેટે આપી અને ગુજરાન ચલાવે છે. ઉપરોકત સદર ગાળા ના ભાડુઆત સદર જગ્યા ખાલી કરી અને જતા રહેલ હોય – તેમજ ખૂબજ મોટી રકમ ભરવા સંમંત નથી. તેમજ, અરજદાર પોતે કેન્સર પીડીત વ્યકિત હોય – સદર રકમ ભરપાઈ કરવા માટે અસહય છે. જેથી, અરજદારે મીટર ના લેબોરેટરી રીપોર્ટ મુજબ – ખામી યુકત ગણી અને નિયમાધીન રીતે સરેરાશ બીલ બનાવી આપવામા આવે તો –

ભરપાઈ કરી શકે. જે બાબત – ધ્યાને લઈને કુદરતી ન્યાયના સિધ્ધાંત ને અનુસરી અને બીમાર વ્યકિત ને ન્યાય આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ **અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, માધાપર સબડીવીઝનના ગ્રાહક શ્રી કિશોરભાઈ કરશનભાઈ હીરપરા ગ્રાહક નંબર:૩૦૭૫૬/૦૫૫૧૧/૩ માં મીટર ખામીયુક્ત હોવા છતાં પણ બીલ આપવા બાબત સીજીઆરએફ સમક્ષ ફરિયાદ કરેલ છે.**

૩.૧ ઉપરોક્ત બાબતે અરજદાર શ્રી કિશોરભાઈ કરશનભાઈ હીરપરાનું વીજ જોડાણના ગ્રાહક નંબર ૩૦૭૫૬/૦૫૫૧૧/૩ તા.૨૯.૦૬.૨૦૧૮ ના રોજ હરસિદ્ધિ પાર્ક નવાગામ ખાતે ચેકિંગ દરમ્યાન NRGP હેતુ હેઠળના ૨૨.૫ કિલોવોટ વાળા વીજ જોડાણનું ચેકિંગ અધિકારી દ્વારા ચેકિંગ કરવામાં આવેલ.

૩.૨ ઉપરોક્ત ચેકિંગસીટ તા.૨૯.૦૬.૨૦૧૮ ના રીમાર્કને અનુસંધાને સદર વીજ જોડાણના વીજ મીટર સાથે કોન્ટ્રાકટ ડીમાંડ કરતા ૧૦.૫૯ કિલોવોટનો લોડ વધુ જોડાયેલ માલુમ પડતા ગ્રાહકને માધાપર સબડીવીઝન દ્વારા પત્ર નંબર ૬૦૮૫ થી તા.૧૩.૦૭.૨૦૧૮ના રોજ લોડ વધારાનું ૧૨૬ કલમ હેઠળ કામચલાઉ આકરણી બીલ આપવામાં આવેલ. જે અન્વયે ગ્રાહક દ્વારા તા.૨૦.૦૭.૨૦૧૮ ના રોજ બીલમાં રાહત અંગેની રજૂઆત આવતા તેઓને તા.૨૩.૦૮.૨૦૧૮ ના રોજ તેઓ દ્વારા કરાયેલ રજુઆતને અનુસંધાને ૧૬ ટકા ઓછું કરી રિવાઈઝડ બીલ બનાવેલ જેની રકમ રૂા. ૧૮૨૯૮.૨૫ થાય છે. તેમજ તે દરમ્યાન સદર વીજ જોડાણની રીડીંગ પેરામીટર સીટ પણ ભરવામાં આવેલ. જે રીડીંગ પેરામીટર સીટમાં તમામ પેરામીટર જોતા મીટર બરાબર માલુમ પડેલ છે.

૩.૩ ત્યારબાદ માધાપર સબડીવીઝનના દ્વારા સદર ગ્રાહક ની ચેકિંગસીટ તા.૨૯.૦૬.૨૦૧૮ મુજબ ૭૧૧૫૬.૫ KWh રીડીંગ માલુમ પડેલ. જયારે ગ્રાહકના વીજ વપરાશ પેટર્નનો ૧૪૫ PRT નો અભ્યાસ કરતા સદર વીજ જોડાણના ગ્રાહક ખાતે જુલાઈ-૧૮ માસમાં ૫૯૧૪ KWh રીડીંગ મુજબ આમ ૬૫૨૪૩ યુનિટ પેન્ડીંગ માલુમ પડેલ હોય, ગ્રાહકને તા.૦૬.૧૨.૨૦૧૮ના રોજ રૂા.૪૪૯૨૬૪.૦૦ નું બીલ આપેલ.

૩.૪ આમ મીટરમાં પેન્ડીંગ યુનિટ હોય ગ્રાહકનું વીજ મીટર તા.૧૪.૦૯.૨૦૧૮ ના રોજ બદલાવેલ જેનું લેબ પરીક્ષણ તા.૨૬.૦૯.૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ. જેમાં મીટરના ડીસ્પ્લેમાં "ERROR" લખાયેલ આવેલ જેથી પુશ બટનથી બેટરી મોડ પર સદર મીટરના ડીસ્પ્લે પેરામીટર લીધેલ. તેમજ મીટરને વધુ ખરાઈ અર્થે MRI લેવાના હેતુથી મેન્યું. કંપનીમાં મોકલેલ. તેમજ સીટી ડીવીઝન-૩ લેબોરેટરી દ્વારા મીટરને મેન્યું.કંપનીમાં મોકલાવ્યા બાદ આજદિન સુધી MRI રીપોર્ટ આવેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી કિશોરભાઈ કરશનભાઈ હીરપરાનું વીજ જોડાણના ગ્રાહક નંબર ૩૦૭૫૬/૦૫૫૧૧/૩ થી ધરાવે છે. અરજદારની રજૂઆત પેરા નં ૨.૦ અને ૨.૧ તેમજ સામાવાળાની રજૂઆત પેરા નં ૩.૦ થી ૩.૪ અન્વયે અરજદારની ફરીયાદ મીટરમાં નોંધાયેલ પેન્ડીંગ યુનિટ બાબતેના આપાયેલ બીલ અંગેની કરેલ છે.

૪.૨ અરજદારના સદર વીજ જોડાણ ની ચેકિંગસીટ તા.૨૯.૦૬.૨૦૧૮ મુજબ મીટર નં.PG-896254 ૭૧૧૫૬.૫ KWh રીડીંગ માલુમ પડેલ છે.

૪.૩ અરજદારના ૧૪૫ PRT મુજબ થયેલ વીજ વપરાશ નીચે મુજબ છે.

**Table-A**

| Billing Month | Consumption Unit | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | 2018 | 2019 |
| Jan | | 1961 | 6596 | 2981 | 8777 | 395 | 1636 |
| Feb | | 1039 | 4453 | 4123 | 10223 | 372 | 476 |
| Mar | | 854 | 7401 | 7419 | 8243 | 360 | |
| Apr | 151 | 2009 | 6955 | 6791 | 8825 | 387 | |
| May | 177 | 3446 | 7211 | 6512 | 6013 | 413 | |
| Jun | 350 | 4485 | 7812 | 6069 | 3018 | 422 | |
| Jul | 1575 | 3589 | 6129 | 4993 | 337 | 547 | |
| Aug | 717 | 3823 | 2872 | 7429 | 510 | 460 | |
| Sep | 308 | 327 | 3793 | 7201 | 594 | 148 | |
| Oct | 802 | 7079 | 3595 | 8380 | 891 | 0 | |
| Nov | 1323 | 5422 | 3584 | 4479 | 519 | 386 | |
| Dec | 810 | 7247 | 4348 | 4226 | 500 | 57 | |
| **Average** | **690** | **3440** | **5396** | **5884** | **4038** | **329** | **1056** |

**Table-B**

| BILIN PERIOD | CURR-RDG | PAST-RDG | CONSMPTN | MST | BILL-DATE | Remarks |
|---|---|---|---|---|---|---|
| APR,17 BIL MAY,17 | 191500 | 182675 | 8825 | | 15-04-17 | |
| MAY,17 BIL JUN,17 | 197513 | 191500 | 6013 | | 24-05-17 | |
| JUN,17 BIL JUL,17 | 200531 | 197513 | 3018 | | 20-06-17 | |
| JUL,17 BIL AUG,17 | 200868 | 200531 | 337 | | 27-07-17 | |
| AUG,17 BIL SEP,17 | 514 | 4 | 510 | C | 30-08-17 | |
| SEP,17 BIL OCT,17 | 1108 | 514 | 594 | | 02-10-17 | |
| OCT,17 BIL NOV,17 | 1999 | 1108 | 891 | | 03-11-17 | |
| NOV,17 BIL DEC,17 | 2518 | 1999 | 519 | | 21-11-17 | |
| DEC,17 BIL JAN,18 | 3018 | 2518 | 500 | | 14-12-17 | |
| JAN,18 BIL FEB,18 | 3413 | 3018 | 395 | | 13-01-18 | |
| FEB,18 BIL MAR,18 | 3785 | 3413 | 372 | | 13-02-18 | |
| MAR,18 BIL APR,18 | 4145 | 3785 | 360 | | 16-03-18 | |
| APR,18 BIL MAY,18 | 4532 | 4145 | 387 | | 16-04-18 | |
| MAY,18 BIL JUN,18 | 4945 | 4532 | 413 | | 17-05-18 | |
| JUN,18 BIL JUL,18 | 5367 | 4945 | 422 | | 14-06-18 | As per Checking Dt.29.06.18 Curr. Reading 71156.5 KWH |
| JUL,18 BIL AUG,18 | 5914 | 5367 | 547 | | 18-07-18 | |
| AUG,18 BIL SEP,18 | 5914 | 5914 | 460 | N | 16-08-18 | |
| SEP,18 BIL OCT,18 | 150 | 2 | 148 | C | 04-10-18 | MC 14.09.18 |
| OCT,18 BIL NOV,18 | 150 | 150 | 0 | | 16-10-18 | |
| NOV,18 BIL DEC,18 | 536 | 150 | 386 | | 21-11-18 | |
| DEC,18 BIL JAN,19 | 593 | 536 | 57 | | 18-12-18 | |
| JAN,19 BIL FEB,19 | 2229 | 593 | 1636 | | 12-01-19 | |
| FEB,19 BIL MAR,19 | 2705 | 2229 | 476 | | 11-02-19 | |

૪.૪ ઉપરોત ચેકિંગસીટ તા.૨૯.૦૬.૨૦૧૮ ના અનુસંધાને સદર વીજ મીટર નં.PG-896254 તા.૧૪.૦૯.૨૦૧૮ થી અરજદારના પ્રતિનિધિની હાજરીમાં બદલાવેલ જે ચેકિંગશીટ માં મીટરના હાલના રીડીંગ અવાચ્ય દર્શાવેલ છે તેમજ અરજદારને સદર મીટરના પરીક્ષણ માટે લેબોરેટરીમાં તા. ૧૯.૦૯.૨૦૧૮,તા.૨૬.૦૯.૨૦૧૮ અને તા. ૦૩.૧૦.૨૦૧૮ ના રોજ હાજર રહેવા જાણ કરેલ છે. સદર મીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૬.૦૯.૨૦૧૮ અરજદારની હાજરીમાં કરવામાં આવેલ જેમાં મીટરમાં Error લખીને આવે છે જેથી પુશ

બટન થી display પેરામીટર લીધેલ છે, જે નીચે મુજબ છે તેમજ MRI આવી શકેલ નથી જેથી મીટરના વધુ અભ્યાસ અર્થે મીટર બનાવટ કંપની માં મોકલાવવું.

DT.૧૭.03.03 ;CKWH -૮૦૬૭૧ KVAh – ૮૨૧૩૨ RMD -૧૪.૯૭૫ bMD – ૩૩.૧૨ CMD -૩૮૫

૪.૫ સદર વીજજોડાણ ના વીજ સ્થાપન નું ચેકિંગ તા. ૨૯.૦૬.૨૦૧૮ ના અનુસંધાને જે તે સમયે અરજદારને ફક્ત લોડ વધારાનું વીજ બીલ તા.૧૩.૦૭.૨૦૧૮ થી આપવામાં આવેલ હતું ત્યારે ચેકિંગ સીટ મુજબ નોંધાયેલ રીડીંગ અને અરજદારને આપવામાં આવેલ વીજબિલમાં નોંધાયેલ રીડીંગ માં તફાવત બાબતે પણ સામાવાળા દ્વારા કાર્યવાહી થયેલ જણાતી નથી. સદર બાબતે સામાવાળા દ્વારા આશરે અઢી માસ ના વિલંબ બાદ ચેકિંગ સીટ તા. ૧૪.૦૯.૨૦૧૮ થી સદર મીટર બદલવાની કાર્યવાહી કરેલ.

૪.૬ અરજદારને તા.૨૯.૦૬.૨૦૧૮ ના રોજ થયેલ ચેકિંગ સીટ મુજબ આવેલ યુનિટ નું બીલ તા. ૦૬.૧૨.૨૦૧૮ થી (૭૧૧૫૭-૫૯૧૪)૬૫૨૪૩ KWH યુનિટ નું બીલ રૂ. ૪,૪૯,૨૬૪.00 આપવામાં આવેલ છે.

૪.૭ મીટર લેબ ટેસ્ટીંગ ના રીપોર્ટ તા. ૨૬.૦૯.૨૦૧૮ માં રજુ કરાયેલ લેબ રીપોર્ટ અને મીટર રીડીંગ પેરામીટર મુજબ CKWH -૮૦૬૭૧.૧ યુનિટ નોંધાયેલ છે જેમાં તારીખ ખોટી બતાવે છે જેથી મીટરના વધુ અભ્યાસ અર્થે મીટર બનાવટ કંપની માં મોકલેલ છે, જેનો રીપોર્ટ હાલ પેન્ડીંગ છે, જે રીપોર્ટ મળ્યે નીયમાધીન આગળની કાર્યવાહી કરવી.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ ટી ૪.૬ મુજબ સ્પષ્ટ થાય છે કે સામાવાળાના જે તે વખતના સબંધિત એજન્સી/ કર્મચારી /અધિકારી ની બેદરકારી ને કારણે આમ બનેલ છે તેથી સબંધિત જવાબદાર એજન્સી/ કર્મચારી/ અધિકારી સામે યોગ્ય શિસ્ત ભંગની કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવે છે તથા સામાવાળાની બેદરકારી ને લીધે અરજદારને નોંધાયેલ વપરાશ મુજબ વીજ બીલ આપવામાં આવેલ નથી તેથી અરજદાર પાસેથી ડીલે પેમેન્ટ લેવાનું રહેશે નહિ તેમજ અરજદારની શારીરિક તેમજ આર્થિક પરીસ્થીતીને ધ્યાને લેતા અરજદારને બાકી વિવાદિત લેણી રકમ રૂ.૪,૪૯,૨૬૪.00 તા. ૦૧.૦૫.૨૦૧૯ થી અમલમાં આવે તે મુજબ માસીક ૦૪(ચાર) સરખા હપ્તા કરી આપવા સામાવાળાને આદેશ આપવામાં આવે છે.

૪.૯ અરજદારની ફરિયાદનો આ તબક્કે ફૈસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે. બી. પારેખ) |
| સ્વતંત્ર સભ્ય | ટેકનીકલ સભ્ય | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.